NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

*ડો. એ. એન. સાબલપરા*
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એક્સ.૧૩૨
ફેક્સ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨

**::: અગત્યનું :::** **પ્લાન યોજનાની રીવ્યુ બેઠક**

**– :: પ રિ પ ત્ર :: –**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનાં યુનિટ સબ યુનિટ અધિકારીશ્રીઓ, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ અને સંશોધન કેન્દ્રોનાં અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે ચાલુ નાણાંકીય વર્ષ : ૨૦૧૩–૧૪માં પ્લાન યોજના હેઠળ શિક્ષણ , વિસ્તરણ શિક્ષણ અને સંશોધન અંતર્ગત મંજુર થયેલ યોજનાઓમાં ફાળવેલ ગ્રાન્ટ સામે ડિસે' ૧૩ અંતિત થયેલ ત્રિમાસિક ખર્ચની વિગતો પત્રકમાં સમયગાળામાં (ઓકટોબર થી ડિસેમ્બર) કામગીરી થકી મળેલ સિધ્ધિઓની ટુંકી વિગતનો પ્રગતિ અહેવાલ બીજી જાન્યુઆરી–૨૦૧૪ સુધીમાં આયોજન શાખાને બિનચુક મોકલી આપવાની રહેશે.

વિશેષમાં પ્લાન યોજનાની દ્વિતીય રીવ્યુ મીટીંગ આગામી તા. ૧૩/૧/૨૦૧૪ નાં રોજ સવારે ૯.૩૦ કલાકે યુનિવર્સિટી ભવનનાં કોન્ફરન્સ હોલમાં માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં રાખવામાં આવેલ છે જેમાં બહારનાં સંશોધન કેન્દ્રોનાં અધિકારીશ્રીઓને સવારે ૯.૩૦ કલાકે અને નવસારી કેન્દ્ર પર ચાલતી પ્લાન યોજનાનાં યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને બપોરે ૨.૩૦ કલાકે હાજર રહેવા વિનંતી છે. મીટીંગ સમયે..

(૧) ડિસેમ્બર–૨૦૧૩ અંતિત યોજનાકીય ખર્ચની વિગતો

(૨) ત્રિમાસ દરમ્યાન કામગીરીની સિધ્ધિઓ ( ઓકટોબર– ડિસેમ્બર– ૨૦૧૩)

(૩) ચાલુ નાણાંકીય વર્ષનાં બાકી સમયગાળાનાં ત્રિમાસિક (જાન્યુ થી માર્ચ–૨૦૧૪ અંતિત) દરમ્યાન થનાર ખર્ચની વિગતોનું આયોજન

(૪) પ્લાન યોજનાની પ્રથમ રીવ્યુ મીટીંગ તા. ૨૫/૯/૨૦૧૩નાં રોજ મળેલ જેમાં યોજનાની ચર્ચા અને સમીક્ષા અન્વયે આયોજન મુજબ ગ્રાન્ટની માંગણી /જરૂરીયાત સામે ફાળવેલ ગ્રાન્ટ કરતાં ખર્ચ વધી ગયેલ હોય તો પગારભથ્થા અને રીકરીંગ કન્ટીજન્સી સદરે ગ્રાન્ટની માંગણી/જરૂરીયાત અંગે સ્પષ્ટ્રતાનાં કારણો સહીતની વિગતો આપવાની રહેશે.

(૫)**(અ)** પ્લાન યોજનાનાં સંશોધન હેઠળ જીનેટીક ઈન્હેન્સમેન્ટ ઓફ નીચ ક્રોપ (૧૨૯૪૬) અને કેમ્પસ ડેવલોપમેન્ટ (૧૨૭૧૨– બી,વી,ડી) યોજનાનાં ખર્ચની વિગત અલગથી પત્રકમાં રજુ કરવાની રહેશે.

**(બ)** કલાસીફાઈડ વર્કસ (૧૨૬૦૦) અને માઈનોર અને ઓરીજનલ વર્કસ (૧૫૩૪) યોજના સદરે ફાળવેલ ગ્રાન્ટ સામે ખર્ચની / કામગીરીની વિગતો આપવાની રહેશે.

**બાંધકામ :**

(૬) પ્લાન યોજના હેઠળ શિક્ષણની બાંધકામ યોજનામાં ચાલુ નાણાંકીય વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ સામે ડિસે'૧૩ અંતિત ખર્ચ ભરી પત્રકમાં વિગતો અને વર્ષ : ૨૦૧૨–૧૩ની બાંધકામ યોજનાઓ હેઠળ અત્રે કચેરીએ રીવેલીડ ભલામણ કરેલ ગ્રાન્ટ સામે થયેલ યોજનાકીય ખર્ચની વિગતો અલગ પત્રકમાં ભરી માહિતી સાથે મીટીંગમાં અચુક હાજર રહેવાનું રહેશે.

સરકારશ્રીની સુચના અન્વયે આગામી વર્ષે લોકસભાની સામાન્ય ચુંટણીને કારણે યોજનાઓના અમલીકરણ પર થનાર સંભવિત અસરોને લક્ષમાં રાખી યોજનાનાં હેતુલક્ષી લક્ષ્યાંકો સામે સિધ્ધિઓ તેમજ ખર્ચ ફેબ્રુ' ૨૦૧૪ સુધીમાં થાય તેવું અસરકારક આયોજનનો અમલ કરવા વિનંતી છે.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો./રીબે/ ૧૨૭૦૦–૨૫ /૨૦૧૩
નવસારી તા. : ૨૬/૧૨/૨૦૧૩

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**પ્રતિ,**

૧. માન. કુલપતિશ્રી ના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૨. યુનિટ વડાશ્રી/યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/ સંશોધન કેન્દ્રોના વડાશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટીની કચેરીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.
૩. પ્રતિ, આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિધાલય, નવસારી